# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૬/૦૬/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૪૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૪૨,૮૫૦/– તથા જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૬૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૮૬૪/૨૦૨૫**

**વટવા જીઆઈડીસીઃ** ભાવેશભાઇ કાંતિલાલ પરમાર (ઉ.વ.૪૯)(રહે. માનવ મંદીર ફ્લેટ, જુની આરાધના સ્કુલ પાસે, રમણનગર મણીનગર) એ તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જી.આઇ.ડી.સી. વટવા ફેઝ–૧ મા આવેલ "પ્રસાદ જીડબ્લ્યુકે કૂલટેક પ્રાઇવેટ લિમિટેડ" નામની ભાવેશભાઈ પરમારની કંપનીમાં કામ કરતા આરોપી રાકેશ શાહ (રહે.પાંચમો માળ મહાદેવ રેસિડેન્સી રાજ રેસિડેન્સી પાસે નવું મણીનગર તથા મૂર્ધન્ય અપાર્ટમેન્ટ સંસ્કૃતિ કો.ઑ.હા.સોસાયટી ભૂમિ પાર્ટી પ્લોટ પાછળ ટૉરેન્ટ પાવર ઓફિસ સામે નારણપુરા) નાઓએ "PRASAD GWK COOLTECH PRIVATE LIMITED" કંપનીમાં નોકરી દરમ્યાન આપવામાં આવેલ ઇનપુટર તરીકેની ઓથોરીટીનો ગેરલાભ ઉઠાવી ERP મેનેજમેન્ટ સોફ્ટવેરમાં સુધારા–વધારા કરી, પોતાના તથા તેના મળીતીયાઓના અલગ–અલગ બેંક ખાતામાં કુલ રૂપિયા ૩,૦૩,૨૭,૨૪૭/– કંપનીમાંથી ઉચાપત કરી, પોતાના બંન્ને ફોન બંધ કરી તેમજ પોતાનુ મકાન બંધ કરી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૬૫/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** નવીન માંગીલાલજી લોહાર (ઉ.વ.૧૯)(રહે.વિનાયક લેક વ્યુ સોસાયટી, ચાંદલોડીયા તળાવ પાસે, ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૫ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હોલરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**નરોડાઃ** નરોડા જીઆઇડીસી પંડીતજી કેન્ટીનમાં કામ કરતો અને પંડીતજી કેન્ટીનની પાછળ આવેલ ઓરડીમા રહેતો વિશાલ મોહનભાઈ રોત (ઉ.વ.૧૯)(મુળ વતનઃ- ગામ- જોત્રીભીંડા તા-જોત્રી થાના- જોત્રી જી-ડુંગરપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૧૫ વાગ્યા પહેલા રહેણાંક ઓરડીમાં પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી